નવસારીમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા તંત્રની લાલ આંખ

‘આઇકોનિક રોડ’ના દબાણો દૂર

રોટરી સર્કલ અને કોન્વેન્ટ સ્કૂલ નજીક ઓટલા તથા પતરાના શેડ જેવા દબાણો હટાવાયા

ઝુંબેશના કારણે શહેરમાં માર્ગો ખુલ્લા થવાથી ટ્રાફિક વ્યવસ્થા વધુ સુચારૂ બનવાની અપેક્ષા

નવસારી : શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા અને માર્ગો પહોળા કરવાની કામગીરી અંતર્ગત નવસારી મહાનગરપાલિકા દ્વારા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. મેયર અશોકભાઈ ધોરાજીયાની ઉપસ્થિતિમાં રોટરી સર્કલ અને કોન્વેન્ટ સ્કૂલ નજીકના વિસ્તારમાં નોટિસ બાદ ઓટલા, પતરાના શેડ સહિતના દબાણો દૂર કરાયા હતા.

મનપા દ્વારા દુધિયા તળાવના વોટર વર્ક્સથી છાપરા રોડ તરફના રોટરી સર્કલ-વલ્લભ એસ્ટેટ સર્કલ માર્ગને 10.50 મીટરથી વધારી 18 મીટર પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. સર્કિટ હાઉસથી તીઘરા જકાતનાકા સુધીના માર્ગને પણ 18 મીટર પહોળો કરી ‘આઇકોનિક રોડ’ તરીકે વિકસાવવાની યોજના છે.

બીજી તરફ જિલ્લા પ્રશાસન દ્વારા પણ જાહેર માર્ગો અને ખાડી વિસ્તારમાં થયેલા દબાણો સામે કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.

હાઈવે નજીક ખાડી વિસ્તારમાં થયેલા બાંધકામ અંગેની કાર્યવાહી અંતર્ગત સહકારી તાલુકા સંઘના બાંધકામને લગતી કામગીરી પણ કરવામાં આવી હતી. બુધવારે પણ સ્થળ પર દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ રહી હતી. મનપા અને પ્રશાસનની સંયુક્ત કાર્યવાહીથી માર્ગો ખુલ્લા થવાની સાથે શહેરની ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થવાની અપેક્ષા છે.

વાપીમાં ગૌસેવક શિક્ષક પર જીવલેણ હુમલો

વાપી : વાપીના ડુંગરા ગામમાં આવેલા હરિયા પાર્ક પાસે ગૌસેવા પ્રવૃત્તિ કરી રહેલા શિક્ષક અને ગૌરક્ષક સૈનિક સદાનંદ મુખર્જી પર જીવલેણ હુમલો થયો હતો. ગત ૧૭મી ઓગસ્ટે રાત્રે તેઓ ગાયોના ગળામાં બેલ્ટ બાંધવાની સેવામાં જોડાયા હતા, તે દરમિયાન પૂરપાટ ઝડપે આવેલા એક બાઈકચાલકે તેમને ટક્કર મારી હતી. જ્યારે શિક્ષકે બાઈકચાલકને વ્યવસ્થિત વાહન ચલાવવાની ટકોર કરી, ત્યારે આરોપી શુભમસિંહે ઉશ્કેરાઈને તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આરોપીએ ઝાડની ડાળી અને ઢીક્કામુક્કીથી હુમલો કરીને તેમને ગંભીર માર માર્યો હતો. આ અંગે ભોગ બનનાર સૈનિક મુખર્જીએ વાપી ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

ધરમપુરમાં જાહેરમાં ધૂમ્રપાન કરનાર અને તમાકુ વેચતા દુકાનદારો દંડાયા

આસીફ શેખ

ધરમપુર : ધરમપુર તાલુકામાં જિલ્લા આરોગ્ય ખાતાની ટાસ્ક ફોર્સ દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વલસાડ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં બનેલી સ્ટીયરિંગ કમિટી દ્વારા પોલીસ વિભાગના સહયોગથી આ કાર્યવાહી કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન જાહેરમાં ધૂમ્રપાન કરનાર ૧ વ્યક્તિ અને તમાકુની બનાવટોનું બિનઅધિકૃત વેચાણ કરતા ૨૮ પાનના ગલ્લા અને પાર્લરના સંચાલકો મળી કુલ ૨૯ કેસ કરવામાં આવ્યા હતા. આ તમામ પાસેથી કુલ રૂપિયા ૫,૮૦૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ સફળ કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંહ અને એપેડેમિક મેડિકલ ઓફિસર ડો. મનોજ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલ અને પોલીસ સ્ટાફની ઉપસ્થિતિમાં પાર પાડવામાં આવી હતી. સાથે જ તમામ વેપારીઓને કાયદાકીય નિયમોની સમજ આપીને ભવિષ્ય માટે કડક ચેતવણી પણ આપવામાં આવી હતી.

ભરૂચના ડે. ડીડીઓ વાપી મનપામાં ડે.કમિશનર તરીકે મુકાયા

વાપી : વાપી મહાનગરપાલિકામાં બીજા ડેપ્યુટી કમિશનર તરીકે ભરૂચના ડેપ્યુટી ડીડીઓ વિશાલકુમાર એચ.પટેલને મૂકવામાં આવ્યા છે. રાજ્ય સરકારે હાલમાં સાગમટે બદલીઓ કરી છે જેમાં વિશાલકુમારને વાપી મનપાની ડેપ્યુટી કમિશનરની એક ખાલી જગ્યા ઉપર મૂકવામાં આવ્યા છે. આ પહેલા પારડી મામલતદાર કે.એમ.રાણાની વાપી મનપામાં ડેપ્યુટી કમિશનર તરીકે નિયુક્તિ થઈ હતી. હવે વાપી મનપામાં કમિશનર અને બે ડેપ્યુટી કમિશનર નિમણૂંક બાદ લોકોના કામો કરવામાં પ્રશાસનને અનુકૂળતા રહેશે. વાપી મનપાના નવા ડેપ્યુટી કમિશનર વિશાલ પટેલ અગાઉ પારડી તાલુકા પંચાયતમાં ટીડીઓ તરીકે ફરજ બજાવી ગયા છે. તેમની નોંધપાત્ર કામગીરી બદલ ફરી તેઓ વલસાડ જિલ્લામાં નિયુક્તિ થઇ હોય તેવું લાગે છે. પારડી તાલુકામાં કામગીરી કરી હોય તેવા આ બંને અધિકારીઓ હવે વાપી મનપાના મ્યુન્સિપલ કમિશનર એન.એફ.ચૌધરીના નેતૃત્વમાં વાપી મનપામાં કાર્યરત થયા છે. વાપી મનપામાં હાલ બે ઝોન છે. તેના બંને ડેપ્યુટી કમિશનર હવે મૂકાતા લોકોને કામ કરાવવા માટે હવે રાહત રહેશે.

વનવિદ્યાલય આંબાબારીમાં અભ્યાસ કરતી કિશોરીના આપઘાતની તપાસ જરૂરી

વાંસદા: વાંસદા તાલુકાના ચારવાડા ગામના માળ ફળિયામાં રહેતી અને વનવિદ્યાલય આંબાબારી ખાતે ધોરણ-૧૨માં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય કિશોરી રિયાએ અગમ્ય કારણોસર આપઘાત કરતાં પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. મળતી માહિતી મુજબ કિશોરી છેલ્લા ત્રણ-ચાર દિવસથી શાળાએ જતી નહોતી. આ દરમ્યાન મંગળવારે સવારે તેની માતાએ શાળાએ નહીં જવા અંગે પૂછતાં કિશોરીએ લેશનનું કામ બાકી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ માતા આંગણવાડીની નોકરી માટે બહાર ગયા હતા. આ દરમિયાન ઘરે એકલી રહેલી કિશોરીએ આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ કિશોરીની બહેન ઘરે પરત ફરતાં સમગ્ર બનાવની જાણ થઈ હતી. આ બનાવ અંગે કિશોરીના પિતા કમલેશભાઈ હુડકીએ વાંસદા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

દિવ્યાંગ અલ્ટ્રા સાયકલિસ્ટ નિખિલ પટેલને ‘UT સ્વાભિમાન એવોર્ડ’ એનાયત

બીલીમોરા : ગણદેવીના દિવ્યાંગ અલ્ટ્રા સાયકલિસ્ટ નિખિલ ભીખુભાઈ પટેલ (૩૭)ને વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ પ્રતિષ્ઠિત ‘UT સ્વાભિમાન એવોર્ડ-2026’ એનાયત કરાયો છે. દાદરા-નગર હવેલીના UT Charitable Trust દ્વારા ૪૩૨ એન્ટ્રીઓમાંથી પસંદ કરાયેલા માત્ર ૨૨ પ્રતિભાશાળી વ્યક્તિઓમાં નિખિલ પટેલનો સમાવેશ થયો હતો. દિવ્યાંગતા છતાં અદમ્ય આત્મવિશ્વાસ અને સાહસ સાથે નિખિલ પટેલે છેલ્લા ત્રણ વર્ષમાં ૩૨૮ દિવસ સાયકલ ચલાવી ૨૧,૭૧૩ કિ.મી.નું અંતર કાપ્યું છે. BRMની ૨૦૦, ૩૦૦, ૪૦૦ અને ૬૦૦ કિ.મી.ની રાઇડ એક જ મહિનામાં પૂર્ણ કરી ‘Super Randonneur’નો ખિતાબ પણ મેળવ્યો છે. મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, બેંગ્લોર સહિત વિવિધ શહેરોમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર નિખિલ પટેલે અનેક રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે. તેમની આ સિદ્ધિ ગણદેવી અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત બની છે.

ખેરગામ તા.પં.માં કોંગ્રેસના સભ્યનું રાજીનામું

ખેરગામ: ખેરગામની વાડ-૧ તાલુકા પંચાયતના સભ્ય પદેથી દિગેશ પટેલે રાજીનામું આપી દીધું હતું. હજુ ચૂંટણી થયાને થોડા જ મહિના થયા છે ત્યાં ખેરગામ તાલુકાના કોંગ્રેસમાંથી ચૂંટાયેલા પાંચ સભ્ય પૈકી એક કાંકરો ખરી પડ્યો છે. દિગેશ પટેલના રાજીનામાને કારણે રાજકીય વર્તુળોમાં તરેહતરેહની ચર્ચા ચાલી રહી છે. ખેરગામ તાલુકા પંચાયતમાં તાજેતરમાં કોંગ્રેસે પાંચ બેઠક પર જીત મેળવી હતી. જેને કારણે કોંગ્રેસમાં પ્રાણ ફૂંકાયા હતા. પરંતુ ખેરગામની વાડ-૧ બેઠકના ઉમેદવાર દિગેશકુમાર ઘીરુભાઈ પટેલે અંગત કારણોસર સભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું. આ બાબતે તેમણે તાલુકા પંચાયત પ્રમુખ હંસાબેન પટેલને લેખિત રજૂઆત કરી હતી. જોકે, આ કારણ અંગત કરતાં બીજું કંઈ હોવાનું લાગી રહ્યું છે. કોંગ્રેસના સભ્યોને આ બાબતની જાણ થતાં જ મોડી રાતે તેમની સાથે ચર્ચા કરી હતી. હજુ તો માંડ એક જ તાલુકા પંચાયતની સભા થઈ છે ત્યાં દિગેશકુમારના રાજીનામાથી રાજકારણમાં ગરમાટો આવી ગયો છે.

પારડી પોલીસનો ફરાર આરોપી ઝડપાયો

પારડી : પારડી પોલીસે ગુનેગારો સામે લાલ આંખ કરી છે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને પી.આઈ. વાય.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસે પેટ્રોલીંગ દરમિયાન પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા અઢી વર્ષથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપી રાહુલસિંહ સમરબહાદુર સિંહને પાતલિયા ચેક પોસ્ટ પાસેથી ઝડપી પાડ્યો છે. મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના વતની અને હાલ સુરતના પાંડેસરા ખાતે રહેતા આ આરોપી વિરુદ્ધ પારડી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હતો અને તે લાંબા સમયથી પોલીસને ચકમો આપી રહ્યો હતો. આ ઉપરાંત, પકડાયેલા આરોપી સામે અગાઉ સુરતના સચિન, નવસારી રૂરલ અને વલસાડ રેલવે પોલીસ સ્ટેશનમાં પણ પ્રોહિબિશનના ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હાલ પારડી પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વલસાડ સિવિલમાં આધેડે આપઘાત કરી લીધો

હોસ્પિટલના કર્મચારીએ મૃતદેહ લટકતી હાલતમાં નજરે પડતા સત્તાધીશો અને પોલીસને જાણ કરી

વલસાડ : વલસાડની સિવિલ હોસ્પિટલમાં દાખલ ડાયાબિટીસના આધેડે હોસ્પિટલના ડ્રેસિંગ રૂમમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી ગઈ છે.

મહારાષ્ટ્ર રહેતા 49 વર્ષીય રાકેશ બોરગે ડાયાબિટીસની બીમારીથી પીડાતા હતા. બીમારીની સીધી અસર તેમના પગ પર થતાં પગમાં ગંભીર નુકસાન પહોંચ્યું હતું. જેથી વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. મંગળવારે હોસ્પિટલના ડ્રેસિંગ રૂમમાં ફાયર સ્પ્રિન્કલર સાથે ચાદર બાંધી ફાંસો ખાઈ લીધો હતો. હોસ્પિટલનો કર્મચારી જ્યારે ડ્રેસિંગ રૂમમાં ગયો ત્યારે રાકેશ બોરગેને લટકતી હાલતમાં જોતાં અધિકારીઓને જાણ કરી હતી. સ્થાનિક પોલીસનો કાફલો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને ઉતારી પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

ઉમરગામના સંજાણમાં સર્જાયો ફિલ્મી ડ્રામા

ચોરોએ જ ફોન કરીને પોલીસ બોલાવી!

જ્વેલર્સ’માં રાત્રે ઇલેક્ટ્રીક કટરથી શટર કાપીને ઘૂસેલા બે ચોરોનો અવાજ સાંભળીને લોકો જાગી ગયા

ચોરોના ખિસ્સામાંથી સોનાનું લોકેટ, ચાંદીના દાગીના મળી આવ્યા

ઉમરગામ : સંજાણમાં જ્વેલર્સની દુકાનમાં ચોરી કરવા ઘુસેલા બે ચોર ઈસમોને લોકોએ શટર બંધ કરી દુકાનમાં જ પૂરી દીધા હતા. ખુદ ચોરોએ જ 112 નંબર ઉપર પોલીસને ફોન કરી જાણ કરતા પોલીસ દોડી આવી હતી અને ચોર ઈસમોની અટક કરી હતી. આ ઘટના ફિલ્મી દ્રશ્ય જેવી હતી આસપાસના લોકોની સતર્કતા અને બહાદુરીના કારણે ચોર દુકાનમાં જ કેદ થઈ પકડાઈ ગયા હતા.

ઉમરગામ તાલુકાના સંજાણ ગામ ખાતે સંજાણ બજાર વિસ્તાર ઉધવા રોડ ઉપર ફરિયાદી મનીષભાઈ દિનેશભાઈ શર્માની બી જે જ્વેલર્સ નામની સોના ચાંદીની દુકાન આવેલી છે. રાત્રે ત્રણેક વાગ્યાના સુમારે આ દુકાનમાં શટરના નચુકા ઈલેક્ટ્રીક કટરથી કાપી બે અજાણ્યા ચોર ઈસમો ચોરી કરવા દુકાનમાં ઘૂસી ગયા હતા. અવાજ સાંભળતા આજુબાજુના રહીશો જાગી ગયા હતા. અને દુકાનમાં ચોરી કરવા આવેલા ચોર ઈસમોને દુકાનમાં જ બંધ કરી દીધા હતા. દુકાનમાં પુરાઈ ગયેલા ચોર ઈસમો ગભરાઈ ગયા હતા અને 112 નંબર ઉપર ફોન કરી જાણ કરતા પોલીસ દોડી આવી હતી અને આ બંને ચોર ઈસમોની અટક કરી હતી.

ચોરોના ખિસ્સામાંથી સોનાનું લોકેટ, ચાંદીની ચેઈન, ચાંદીની પાયલ, સોનાના મણકા, રોકડા રૂપિયા 500 મળી કુલ રૂપિયા 18,000 ના ચોરેલા દાગીના મળી આવ્યા હતા. ઉમરગામ પોલીસે આ બંને ચોર ઈસમોની અટક કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

જલાલપોરમાં આસારામ આશ્રમનું દબાણ ફરી હટાવાયું

ઓંજલ માછીવાડમાં આશ્રમ દ્વારા ખાર ખાંજણની સરકારી જમીન પર કરાયેલું ૬,૦૦૦ ચો.મી.નું દબાણ દૂર કરાયું

નવસારી: જલાલપોરના ઓંજલ માછીવાડ ખાતે સરકારી ખાર ખાંજણની જમીન પર આસારામ આશ્રમ દ્વારા ફરીથી ઉભા કરાયેલા દબાણ સામે વહીવટી તંત્રએ કાર્યવાહી કરી આશરે ૬,૦૦૦ ચો.મી. સરકારી જમીન દબાણમુક્ત કરાવી છે.

ઓંજલના જૂના સર્વે નં. ૮૫૮/૧ પૈકી ૧ તથા નવા સર્વે નં. ૨ની જમીન પર અગાઉ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ કાર્યવાહી કરી આશ્રમનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ફરીથી તાર ફેન્સિંગ, બ્લોક પેવરિંગ અને પતરાના શેડ ઉભા કરાયા હોવાની માહિતી મળતાં તંત્રએ કાર્યવાહી કરી હતી.

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ મામલતદાર, સર્કલ અધિકારી, મહેસૂલી સ્ટાફ અને પોલીસની સંયુક્ત ટીમે સ્થળ પર ડિમોલેશન હાથ ધર્યું હતું. કાર્યવાહી દરમિયાન ફરી ઊભા કરાયેલા દબાણો દૂર કરી આશરે ૬,૦૦૦ ચો.મી. સરકારી જમીનનો કબજો પરત મેળવાયો હતો. તંત્રએ જણાવ્યું છે કે સરકારી જમીન પર ફરી દબાણ કરવાનો પ્રયાસ થશે તો જવાબદારો સામે નિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ચીખલી હાઈવેની હોટલના કમ્પાઉન્ડમાં ટ્રક ડ્રાઈવરો વચ્ચે લોહિયાળ જંગ

ઘેજ : વાપી સ્થિત સાગર રોડ લાયન્સ ટ્રાન્સપોર્ટના ડ્રાઇવર વિજયપ્રતાપ યાદવ વાપીથી ટ્રક લઈને સુરતના કડોદરા જઈ રહ્યા હતા. રાત્રે ચીખલીના સુંઠવાડ પાટીયા સ્થિત એક હોટલના કમ્પાઉન્ડમાં ટ્રક ઊભી રાખી જમવાનું શરૂ કર્યું હતું. તે દરમિયાન તે જ ટ્રાન્સપોર્ટમાં કામ કરતા પવનકુમાર બિંદ ત્યાં આવી પહોંચ્યો હતો અને અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી માર માર્યો હતો. આરોપીએ ચપ્પુ કાઢી વિજયપ્રતાપની છાતી તથા હાથના ભાગે મારી દીધું હતું અને ઝપાઝપી દરમિયાન ચપ્પુ પડી જતાં તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં ઈજાગ્રસ્તને પ્રથમ ચીખલી અને ત્યારબાદ વધુ સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આગળની તપાસ પીએસઆઈ આર.એન. વાડલે કરી રહ્યા છે.

તિઘરામાં મકાનનો કબજો ન છોડતા લેન્ડ ગ્રેબિંગનો ગુનો

BPCL ના ટેરિટરી મેનેજર જહોન થોમસ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

પારડી : પારડી તાલુકાના તિઘરા ગામે આવેલી જમીન પર ભાડા કરાર પૂરો થયો હોવા છતાં ગેરકાયદેસર કબ્જો જાળવી રાખવા બદલ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) ના ટેરિટરી મેનેજર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદી દીપકકુમાર મગનભાઈ ગોહિલના જણાવ્યા અનુસાર, આ જમીન ૧૯૯૭માં ૨૦ વર્ષના ભાડા કરારે અપાઈ હતી, જે ૩૦ જૂન ૨૦૧૭ના રોજ પૂર્ણ થઈ હતી.

ભાડા કરાર પૂરો થયા બાદ જમીન ખાલી કરવા માટે લીગલ નોટિસ આપવામાં આવી હતી અને મહેસૂલી કચેરીઓમાં પણ જમીન માલિકના હકની નોંધ માન્ય રહી હતી.

ભાડા કરાર રીન્યુ ન થવાને કારણે ડિસેમ્બર ૨૦૨૪માં ‘પેસા’ વિભાગ દ્વારા પેટ્રોલ પંપનું લાયસન્સ રદ કરવામાં આવ્યું હતું અને જાન્યુઆરી ૨૦૨૫થી વેચાણ બંધ થઈ ગયું હતું, તેમ છતાં કંપનીએ સ્ટ્રક્ચર કે કબ્જો હટાવ્યો ન હતો.

આશરે ૯ વર્ષ વીતી જવા છતાં જમીન ખાલી ન કરાતા, ફરિયાદીએ વલસાડ કલેક્ટર કચેરીમાં ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ હેઠળ અરજી કરી હતી.

કલેક્ટરની લેન્ડ ગ્રેબિંગ સમિતિની તપાસ બાદ પારડી પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ દાખલ કરાઈ છે, અને પોલીસ ઇન્સ્પેક્ટર વાય.બી. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં હથિયારો સાથે સ્ક્રેપની ધાડ પાડનાર આરોપીના જામીન નામંજૂર

વલસાડ : બુલેટ ટ્રેન પ્રોજેક્ટની વાપી ડુંગરાની સાઇટ પરથી હથિયારો સાથે ધાડ પાડી આશરે ૫,૫૦૫ કિલો સ્ક્રેપની લૂંટ ચલાવવામાં આવી હતી. આ ગુનામાં સંડોવાયેલો આરોપી વિપુલ ઉર્ફે વિક્કી હળપતિએ પોલીસ ધરપકડથી બચવા માટે વાપીની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન મેળવવા અરજી કરી હતી. આગોતરા જામીન અરજીની સુનાવણી દરમિયાન જિલ્લા સરકારી વકીલ અનિલ ત્રિપાઠીએ કોર્ટ સમક્ષ દલીલો રજૂ કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ, કોર્ટ આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવાનો મહત્વનો હુકમ કર્યો છે.

રખોલીના પુલ પરથી બે સગીરાઓની નદીમાં છલાંગ

નદીના પથ્થરવાળા તળિયા પર પછડાવાથી ૧૭ વર્ષીય સગીરાનું મોત, અન્ય સગીરા ગંભીર ઘાયલ

વાપી : કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના સેલવાસ નજીક આવેલા રખોલી પુલ પરથી બે સગીર વયની કિશોરીઓએ દમણગંગા નદીમાં છલાંગ લગાવતા ચકચાર મચી ગઈ છે. આ કરૂણ ઘટનામાં એક સગીરાનું ઘટનાસ્થળે જ મોત થયું છે, જ્યારે અન્ય એક સગીરા ગંભીર રીતે ઘાયલ થતાં તેને સારવાર અર્થે નમો મેડિકલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, દપાડા વિસ્તારની રહીશ ૧૭ વર્ષીય અને ૧૫ વર્ષીય બે સગીરાઓએ અગમ્ય કારણોસર રખોલી પુલ પરથી દમણગંગા નદીમાં ઝંપલાવ્યું હતું. નદીના પથ્થરવાળા તળિયા પર પછડાવાને કારણે બંનેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં ૧૭ વર્ષીય સગીરાનું સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું હતું. ઘટના બાદ તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ૧૫ વર્ષીય ઘાયલ સગીરાને સેલવાસની નમો હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. હોસ્પિટલના તબીબોના જણાવ્યા મુજબ, માથાના ભાગે ઊંડી ઈજાઓ પહોંચવાના કારણે તેની હાલત અત્યંત કટોકટીપૂર્ણ છે અને તે આઈસીયુ (ICU) માં સારવાર હેઠળ છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો અને આ પગલું ભરવા પાછળનું સાચું કારણ જાણવા કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આંગણવાડીનામકાનમાંખામી જણાતા તંત્રએ જેસીબી ફેરવ્યું

રાજપુરી જંગલ ગામમાં આંગણવાડીના બાંધકામમાં પીસીસી લેવલના કામમાં ખામી જણાતા તોડી પડાયું

ધરમપુર : રાજપુરી જંગલ ગામમાં આંગણવાડીના બાંધકામની ગુણવત્તા અંગે ઉઠેલા સવાલો બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. ગામના ચંપક ધનગારીયાએ બાંધકામની કામગીરી અંગે રજૂઆત કરી હતી. બાંધકામમાં હલકી ગુણવત્તાનું કામ થતું હોવાના આક્ષેપો બાદ મામલો તંત્રના ધ્યાને આવ્યો હતો. તંત્રની ટીમે સ્થળ પર પહોંચી બાંધકામનું નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન PCC લેવલના કામની ગુણવત્તા અંગે સવાલો ઊભા થયા હતા. જેના પગલે અગાઉ કરવામાં આવેલા PCC કામનો ભાગ JCBની મદદથી દૂર કરવામાં આવ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ બાંધકામમાં સળિયા યોગ્ય રીતે ઢંકાયેલા ન હોવાની ફરિયાદ પણ કરવામાં આવી હતી. કેટલાક સ્થળે સળિયા બહાર દેખાતા હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત બાંધકામમાં વપરાયેલી રેતીની ગુણવત્તા અંગે પણ પ્રશ્નો ઉઠ્યા હતા. તંત્ર દ્વારા ખામીવાળું કામ દૂર કરી નિયમ મુજબ ફરીથી બાંધકામ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. હવે સમગ્ર કામની ગુણવત્તા અંગે તટસ્થ તપાસ થાય છે કે નહીં તેના પર ગ્રામજનોની નજર છે. કોન્ટ્રાક્ટર તથા જવાબદાર સામે તંત્ર દ્વારા શું કાર્યવાહી થાય છે તે જોવાનું રહ્યું.